# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ

આંતરિક કસોટી સપ્ટેમ્બર - 2023-24

એસ.વાય.બી.કોમ. સેમ- 3

Advance accounting and auditing -1

તારીખ : 20-09-2023 સમય : 8.15 to 10.15

વાર : બુધવાર કુલ ગુણ : 35

---

**પ્રશ્ન-2** નીચેનામાંથી ગમે તે ચારના જવાબ આપો. (8)

(1) નીચેની માહિતી પરથી આર્થિક વરદી જથ્થો, મૂકવાના ઓર્ડર ની સંખ્યા અને બે ઓર્ડર વચ્ચેનો સમયગાળો શોધો.
ત્રિમાસિક વપરાશ રૂ.45000
એક ઓર્ડર મુકવાનો ખર્ચ રૂ.147
એકમ દીઠ કિંમત રૂ. 10
વ્યાજનો વાર્ષિક દર 10%
વીમા ખર્ચ વાર્ષિક 2%.

(2) એક કારખાનામાં ઉત્પાદનની વિગતો નીચે મુજબ છે
પ્રત્યક્ષ માલસામાન વેચાણ કિંમતના 12.5%
પ્રત્યક્ષ મજૂરી અને અન્ય પ્રત્યક્ષ ખર્ચા વેચાણ કિંમતના 17.5%
કારખાના પરોક્ષ ખર્ચ પ્રાથમિક પડતર ના 1/3.
ઓફિસ પરોક્ષ ખર્ચ કારખાના પડતરના 100%
નફો (જે એકમદીઠ રૂ.1500 છે) વેચાણ કિંમતના 15%.
ઉપરની માહિતી પરથી વેચાણ વિતરણના પરોક્ષ ખર્ચા શોધો.

(3) એક કર્મચારીનો માસિક પગાર રૂ. 5000 અને મોંઘવારી ભથ્થુ રૂ.3000 છે જો માલિક દ્વારા મૂળ પગાર અને મોંઘવારી ભથ્થાના 2% ટકા કામદાર રાજ્ય વીમા યોજનામાં ફાળો આપવામાં આવતો હોય તો માસિક કુલ પગારની રકમ કેટલી ?

(4) નીચેની માહિતી પરથી આર્થિક વરદી જથ્થો શોધો.
વરદી સપાટી 1400 એકમો
ગુરુતમ સપાટી 2270 એકમો
લઘુતમ સપાટી. 420 એકમો
સરેરાશ સપાટી 90 એકમો
વધુમાં વધુ વપરાશ. 120 એકમો
માલ મેળવતા લાગતો ઓછામાં ઓછો સમય 21 દિવસ

(5) સરેરાશ સપાટી 775 એકમો, ન્યૂનતમ સપાટી 475 એકમો હોય તો વરદી જથ્થો શોધો.



Scanned with OKEN Scanner

(6) 2021-22નો આખર સ્ટોક રૂ.42,000, 2022-23નો માલ સામાન ફેરબદલી દર 4.5 વખત અને સરેરાશ સ્ટોક રૂ.40,000 હોય તો 2022-23 માટે ખરીદી અને વ્યવસ્થિત ખરીદી શોધો.

(7) કુલ પ્રત્યક્ષ ખર્ચા રૂ.90,000, કુલ વેચાણ રૂ.2,16,000. કારખાના પડતર કારખાના ખર્ચના 40% અને ઓફીસ ખર્ચા કુલ પડતરના 20%હોય તો નફો શોધો.

(8) માલસામાન એ.બી.સી. વર્ગીકરણ ટૂંકમાં સમજાવો.

**પ્રશ્ન-3** રાધા લિમિટેડની મહત્તમ ઉત્પાદન ક્ષમતા 4000 એકમોની છે વર્ષ 2021-2022 માટેની વિગતો નીચે મુજબ છે: (13)

| વિગત | રૂ. |
|---|---|
| પ્રત્યક્ષ માલસામાન | 4,35,000 |
| પ્રત્યક્ષ મજુરી. | 3,75,000 |
| કારખાના પરોક્ષ ખર્ચા (60%ચલિત) | 3,00,000 |
| ઓફિસ પરોક્ષ ખર્ચા (60%સ્થિર) | 2,70,000 |
| વેચાણ પર કમિશન. | 1,92,000 |
| સ્થિર વેચાણ ખર્ચા. | 1,44,000 |
| વેચાણ કિંમત એકમદીઠ. | 1500 |
| વેચાણ (ખરેખર ઉત્પાદનના 80%) | 2400 એકમો |

વર્ષ 2022-23 માટેના અંદાજ નીચે મુજબ છે.

(1) ઉત્પાદન અને વેચાણ પૂર્ણ ક્ષમાતાએ થશે.

(2) માલસામાનના ભાવમાં 20% અને મજૂરીના દરમાં 8% વધારો થશે.

(3) સ્થિર કારખાના ખર્ચમાં 10% વધારો થશે.

(4) સ્થિર વેચાણ ખર્ચ રૂ.1,30,000 સુધી ઘટશે.

(5) નફાનો દર પાછલા વર્ષ જેટલો જ રહેશે.

તૈયાર :

(1) વર્ષ 2021-22નું પડતરનો પત્રક.

(2) વર્ષ 2022-23નો અંદાજિત પડતરનો પત્રક.

અથવા

**પ્રશ્ન-3** એક કારખાનામાં એક સરખા ચાર યંત્રો દ્વારા કામ કરવામાં આવે છે કારખાના ખર્ચા નીચે પ્રમાણે છે:

(1) ભાડું અને વેરા (વાર્ષિક) રૂ.2,40,000

(2) કારખાનામાં વપરાયેલ પાવર યુનિટના રૂ.12.50 લેખે માસિક (તમામ યંત્રો માટે) રૂ.30,00,000



Scanned with OKEN Scanner

(3) યંત્રોનો સમારકામ-નિભાવ ખર્ચ વાર્ષિક (તમામ યંત્રો માટે) રૂ.3,36,000

(4) યંત્રો પર દેખરેખ રાખનાર મજૂરોનો પગાર માસિક (જેઓ તમામ યંત્રો પર દેખરેખ રાખે છે) રૂ.18,000

(5) પરચુરણ માલસામગ્રી (વાર્ષિક) (તમામ યંત્રો પર) રૂ.3,00,000

(6) દરેક યંત્રની કિંમત (8% ગોઠવણી ખર્ચ સહિત) રૂ.5,40,000

(7) સુપરવાઈઝરનો પગાર માસિક (પોતાનો 1/3 ભાગ સમય આ કારખાનામાં ફાળવતા નથી) રૂ.1,00,000

(8) યંત્રનું વીમા પ્રીમીયમ મૂળ કિંમતના 10%

(9) 10 વર્ષના ઉપયોગી આયુષ્યને અંતે તેની ઉપજવા ધારેલ ભંગાર કિંમત મૂળ કિંમતના 20%

(10) દરેક યંત્રનો ભાડા ખરીદનો હપ્તો (અર્ધવાર્ષિક) રૂ.21000 (1000 વ્યાજ સહિત)

(11) યંત્રનો કલાકદીઠ પાવર નો વપરાશ 12 યુનિટ.

ઉપરની માહિતી પરથી દરેક યંત્ર માટેનો માસિક ધોરણે યાંત્રિક કલાક દર ગણો.

**પ્રશ્ન-4 (અ)** **(8)**

(1) એક કામદારે એક અઠવાડિયામાં 200 એકામોનું ઉત્પાદન કરેલ હતું. અઠવાડિયામાં 45 કલાક કામ કરવા માટે લઘુતમ બાંયધરી વેતન રૂ. 81નક્કી થયેલ હતું. એક એકમના ઉત્પાદન માટે નિયત કારેલ સમય 15 મિનિટ હતો, જે ઉત્તેજન વેટનપ્રથા હેઠળ 20%થી વધારવામાં આવ્યો.
હેલસી અને રોવેન યોજના મુજબ કુલ વેતન અને કલાકદીઠ વેતનની ગણતરી કરો.

(2) A B C લિ. ના કામદારોની વિગતો નીચે મુજબ છે:
01-03-2023ના રોજ કામદારોની સંખ્યા 550
31-03-2023ના રોજ કામદારોની સંખ્યા. (?)
બરતરફ થયેલ કામદારોની સંખ્યા 55
નિવૃત થયેલ કામદારોની સંખ્યા. 22
નવા નિમાયેલા કામદારોની સંખ્યા. 215
(વિસ્તરણ યોજનાના કારણે 150કામદારોની નિમણૂંક કરવામાં આવી છે.)
સયુંકત મજુર ફેરબદલી દર. 30%
ઉપરોક્ત માહિતી પરથી શોધો :-

(1) 31-03-2023ના રોજ કામદારોની સંખ્યા
(2) પુનઃસ્થાપના પદ્ધતિ મુજબ ફેરબદલી દર અને સમકક્ષ ફેરબદલી દર
(3) નવા નિમાયેલ કામદારોની સંખ્યાને આધારે ફેરબદલી દર અને સમકક્ષ મજુર ફેરબદલી દર.

**અથવા**



Scanned with OKEN Scanner

(1) કૃષ્ણની નીચેની માહિતી પરથી શોધો.

(1) પુનઃવરદી સપાટી
(2) લઘુતમ સપાટી
(3) ગુરુત્તમ સપાટી
(4) સરેરાશ સપાટી
(5) સલામતી જથ્થો
(6) ભય સપાટી

માલ મેળવતા લાગતો ઓછામાં ઓછો સમય 40 દિવસ
તાત્કાલિક ખરીદી માટે લાગતો વધુમાં વધુ સમય 5 દિવસ
માલ મેળવતા લાગતો સરેરાશ સમય 50 દિવસ
વધુમાં વધુ દૈનિક વપરાશ 3600 એકમો, સરેરાશ દૈનિક વપરાશ 3000 એકમો,
આર્થિક વરદી જથ્થો પુનઃવરદી સપાટીના 25% છે.

(બ) ટૂંક નોંધ લખો. (6)

(1) પરોક્ષ ખર્ચની ફાળવણી
(2) બિન કાર્ડ

અથવા

(1) પડતર હિસાબી પધ્ધતિની મર્યાદા
(2) પડતર હિસાબી પદ્ધતિની ટેકનીકો

-------------- ALL THE BEST ----------------



Scanned with OKEN Scanner

## શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ

આંતરિક કસોટી સપ્ટેમ્બર – 2023-24

એસ.વાય.બી.કોમ. સેમ- 3

| | | |
|---|---|---|
| તારીખ : 21-09-2023 | Advance accounting and auditing -2 | સમય : 1.30 કલાક |
| વાર : ગુરુવાર | | કુલ ગુણ : 35 |

પ્રશ્ન - 2 કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ આપો. (08)

(1) માયા લિમિટેડ ફડચામાં જતા તેની મિલકતો વેચતા રૂા. 3,00,000 મળ્યા અને રૂા. 3,40,000 ચૂકવવા પાત્ર છે. જેમાં રૂા. 10,000 પસંદગીના લેણદારોનો સમાવશે થાય છે. લિક્વિડેટર તેણે વેચેલ મિલકતની ઉપજના 3% અને બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમના 2% લેખે મહેનતાણું મેળવવા હકદાર છે તો લિક્વિડેટરના મહેનતાણાની ગણતરી કરો.

(2) સાગર લિમિટેડ અને સરિતા લિમિટેડનું સંયોજન કરી નવી કંપની સંગમ લિમિટેડની સ્થાપના કરવામાં આવી. સરિતા લિમિટેડના ચોપડે નીચેની કેટલીક બાકીઓ હતી.

| | |
|---|---|
| 50,000 ના ઈક્વિટી શેર દરેકના રૂા. 100 ના | રૂા. 50,00,000 |
| 12% ના ડિબેન્ચર | રૂા. 5,00,000 |
| કાયમી મિલકતો | રૂા. 45,00,000 |
| ચાલુ મિલકતો | રૂા. 20,00,000 |
| ચાલુ દેવા | રૂા. 5,00,000 |
| અનામત અને વધારો | રૂા. 5,00,000 |

સરિતા લિમિટેડના 5 ઇક્વિટી શેરના બદલામાં નવી કંપનીના 3 ઈક્વિટી શેર દરેક રૂા. 100 નો તેવા રૂા. 140ની કિંમતે આપવા તેમજ 5 ઇક્વિટી શેરના બદલામાં રૂા. 60 રોકડા આપવા.

સરિતા લિમિટેડની ખરીદ કિંમતની ગણતરી કરો.

(3) સંયોજનના હેતુસર એક્સ લિમિટેડ વાય લિમિટેડને સમાવી લે છે. એક્સ લિમિટેડ વાય લિમિટેડને દરેક રૂા. 100 નો એક એવા શેરદીઠ રૂા.75 ભરપાઈ હોય તેવા 2 શેર, 3 શેરના બદલામાં આપવા સંમત થઈ. વાય લિમિટેડના ચોપડે દરેક રૂા. 100નો એક એવા શેરદીઠ રૂા. 50 ભરપાઈ હોય તેવી રૂા.3,00,000 ની ઈક્વિટી શેરમૂડી છે.

એક્સ લિમિટેડે આપેલ શેરની સંખ્યા અને કુલ રકમ શોધો.



Scanned with OKEN Scanner

(4) એક કંપનીના લિક્વિડેટર પાસે હાથ પર રોકડ રૂ.5,75,000 છે કંપનીનું ઈક્વિટી શેરનું મૂડીમાળખું નીચે મુજબ છે.

| ઈક્વિટી શેરનો પ્રકાર | ઈક્વિટી શેરની સંખ્યા | દાર્શનિક કિંમત રૂ. | શેરદીઠ ભરપાઈ રકમ રૂ. |
|---|---|---|---|
| અ | 10,000 | 100 | 75 |
| બ | 8,000 | 100 | 70 |
| ક | 4,000 | 50 | 35 |

દરેકના ભાગે આવતી મૂડીનૂટની ગણતરી કરો.

(5) નીચેની માહિતી પરથી પસંદગીના લેણદારોની રકમની ગણતરી કરો.

(1) 4 કારકુનનો છેલ્લા બે મહિનાનો પગાર, દરેકનો માસિક રૂ.11,000 લેખે

(2) પ્રોવિડન્ટ ફંડ રૂ. 22,500, કર્મચારી કલ્યાણફંડ રૂ.4,850

(3) મ્યુ. વેરા (ચાલુ વર્ષના) રૂ.7,950

(4) ડિરેક્ટર ફી રૂ.6,480

(5) બે વર્ષ પહેલાનો આવકવેરો બાકી રૂ.18,950

(6) A લિમિટેડ અને B લિમિટેડનું સંયોજન કરી AB લિમિટેડની સ્થાપના કરવામાં આવી.

જો A લિમિટેડની રૂ.10,00,000 ની ચોપડે કિંમત ધરાવતી મિલકતોનું મૂલ્ય રૂ.15,00,000 આંકવામાં આવે અને રૂ.5,00,000ની ચોપડે કિંમત ધરાવતી જવાબદારીઓનું મૂલ્ય રૂ.4,00,000 આંકવામાં આવે તો A લિમિટેડની ખરીદ કિંમત કેટલી ?

B લિમિટેડની મિલકતોની કિંમત રૂ.12,00,000, પાઘડી રૂ. 3,00,000 અને જવાબદારીનું મૂલ્ય રૂ. 3,00,000 આંકવામાં આવે તો B લિમિટેડની ખરીદ કિંમત કેટલી ?

(7) X લિમિટેડ અને Y લિમિટેડનું સંયોજન કરી XY લિમિટેડની સ્થાપના કરવામાં આવી. X લિમિટેડની ઈક્વિટી શેરમૂડી દરેક રૂ.100 નો એક એવા 2,500 ઈક્વિટી શેરની બનેલી છે અને Y લિમિટેડની ઈક્વિટી શેરમૂડી દરેક રૂ. 100 નો એક એવા 2,000 ઈક્વિટી શેરની બનેલી છે X લિમિટેડની ખરીદકિંમત રૂ. 29,50,000 અને Y લિમિટેડની ખરીદકિંમત રૂ. 21,00,000 છે. જો સંયોજન વિલીનીકરણ સ્વરૂપનું હોય તો સામાન્ય અનામત ખાતે લઈ જવાની રકમની ગણતરી કરો.

(8) ડિબેન્ચર હોલ્ડરોને ચૂકવ્યા પછી લિક્વિડેટર પાસે રૂ.2,06,000 રોકડ છે બિનસલામત લેણદારો રૂ.2,50,000 છે લિક્વિડેટરને બિનસલામત લેણદારોને ચુકવેલ રકમ પર 3% લેખે મહેનતાણું આપવાનું છે લિક્વિટરનું મહેનતાણું અને બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમની ગણતરી કરો.



Scanned with OKEN Scanner

પ્રશ્ન-3 (13)

તા. 31-03-2020 ના રોજ હેનિલ લિમિટેડ સ્વૈચ્છિક ફડચામાં ગઈ. તે તારીખે તેમનું પાકુ સરવૈયુ નીચે મુજબ હતું.

| વિગત | નોંધ નંબર | રૂપિયા |
|---|---|---|
| (I) ઈક્વિટી અને જવાબદારીઓ : | | |
| (1) શેર હોલ્ડરોના ભંડોળો : | | |
| (અ) શેરમૂડી દરેક રૂા. 100 નો એક એવા પુરા ભરપાઈ | | |
| 5,000 20% ના પ્રેફરન્સ શેર | | 5,00,000 |
| 2,500 ઈક્વિટી શેર દરેક રૂા.100 ના રૂા. 75 ભરપાઈ | | 1,87,500 |
| 7,500 ઈક્વિટી શેર દરેક રૂા.100 ના રૂા.60 ભરપાઈ | | 4,50,000 |
| (2) બિન ચાલુદેવા : | | |
| લાંબા ગાળાના ઉછીના નાણાં : 15% ડિબેન્ચર્સ | | 2,50,000 |
| (3) ચાલુ દેવા : (અ) વેપારી દેવા: લેણદારો | | 2,80,750 |
| (બ) અન્ય ચાલુ દેવા : ડિબેન્ચર પર ચઢેલ વ્યાજ | | 37,500 |
| પસંદગીના લેણદારો | | 38,000 |
| | | 17,43,750 |
| (II) મિલકતો: | | |
| (1) બિન ચાલુ મિલકતો : | | |
| (અ) કાયમી મિલકતો : | | |
| (1) દ્રશ્ય મિલકતો : જમીન-મકાન | | 2,50,000 |
| પ્લાન્ટ મશીનરી | | 6,25,000 |
| (2) અદ્રશ્ય મિલકતો : પેટન્ટસ | | 1,00,000 |
| (બ) અન્ય બિનચાલુ મિલકતો : નફા નુકસાન ખાતુ | | 2,81,250 |
| (2) ચાલુ મિલકતો : (અ) માલસામગ્રી : સ્ટોક | | 1,37,500 |
| (બ) વેપારી લેણા : દેવાદારો | | 2,75,000 |
| (ક) રોકડ અને રોકડ સમકક્ષ : રોકડ અને બેંક | | 75,000 |
| | | 17,43,750 |

વધારાની માહિતી:

(1) પ્રેફરન્સ શેર પર 2 વર્ષનું ડિવિડન્ડ ચૂકવવાનું બાકી હતું.

(2) મિલકતોની ઉપજ : જમીન મકાન રૂા. 3,00,000 સ્ટોક રૂા. 1,50,000
પ્લાન્ટ મશીનરી રૂા. 5,00,000 દેવાદારો રૂા. 2,00,000
પેટન્ટસ રૂા. 75,000

(3) વિસર્જન ખર્ચ રૂા.27,250 થયો. લિક્વિડેટરને તેણે વેચેલ મિલકતના રોકડ સિવાય 3% લેખે કમિશન ચૂકવવાનું છે. ડિબેન્ચર સહિત બધા દેવા તા. 30-09-2022 ના રોજ ચૂકવાઇ ગયા છે તેવું માનીને લિક્વિડેટરનું આવક જાવકનું પત્રક તૈયાર કરો.

અથવા



Scanned with OKEN Scanner

પ્રશ્ન. 3

મેઘા લિ. અને મિલન લિ. નું તા. 01-04-2023 ના રોજથી સંયોજન કરવામાં આવ્યું અને એક નવી કંપની મિલાપ લિમિટેડની સ્થાપના કરવામાં આવી તા. 31-03-2023 ના રોજ બંને કંપનીના પાકા સરવૈયા નીચે મુજબ હતા. (13)

| વિગત | નોંધ નંબર | મેઘા લિ.(રૂા.) | મિલન લિ.(રૂા.) |
|---|---|---|---|
| (I) ઈક્વિટી અને જવાબદારીઓ : | | | |
| (1) શેર હોલ્ડરોના ભંડોળો | | | |
| (અ) શેરમૂડી: | | | |
| ઈક્વિટી શેર દરેક રૂા. 10 ના પુરા ભરપાઈ | | 18,00,000 | 12,00,000 |
| 12% ના પ્રે.શેર દરેક રૂા.100 ના પૂરા ભરપાઈ | | 7,00,000 | 5,00,000 |
| (બ) અનામત અને વધારો : | | | |
| પુનઃમૂલ્યાંકન અનામત | | 1,50,000 | 1,00,000 |
| સામાન્ય અનામત | | 4,20,000 | 2,25,000 |
| નફા નુકસાન ખાતુ | | 2,00,000 | 1,50,000 |
| રોકાણ વળતર અનામત | | 1,00,000 | 70,000 |
| નિકાસ નફા અનામત | | 1,50,000 | 80,000 |
| (2) બિન ચાલુદેવા : | | | |
| (અ) લાંબાગાળાના ઉછીના નાણાં: 13% ડિબેન્ચર્સ | | 1,80,000 | 75,000 |
| જાહેર થાપણ | | 50,000 | 70,000 |
| (3) ચાલુદેવા : વેપારી દેવા : લેણદારો | | 2,00,000 | 1,50,000 |
| દેવીહુડીઓ | | 50,000 | 80,000 |
| | | 40,00,000 | 27,00,000 |
| (II) મિલકતો : | | | |
| (1) બિનચાલુ મિલકતો : | | | |
| (અ) કાયમી મિલકતો : દ્રશ્ય મિલકતો : જમીન મકાન | | 12,00,000 | 6,00,000 |
| પ્લાન્ટ યંત્રો | | 7,00,000 | 5,00,000 |
| (બ) બિન ચાલુરોકાણો: રોકાણો | | 2,00,000 | 1,50,000 |
| (2) ચાલુમિલકતો : | | | |
| (અ) માલસામગ્રી : સ્ટોક | | 8,00,000 | 6,00,000 |
| (બ) વેપારી લેણા : દેવાદારો | | 6,50,000 | 5,50,000 |
| (ક) રોકડ અને રોકડ સમકક્ષ : રોકડ અને બેંક સિલક | | 4,50,000 | 3,00,000 |
| | | 40,00,000 | 27,00,000 |

વધારાની માહિતી :

(1) મિલાપ લિમિટેડ, મેઘા લિ.ના 3 ઈક્વિટી શેરના બદલામાં પોતાના 2 ઈક્વિટી શેર આપશે અને મિલન લિ. ના દરેક 3 ઈક્વિટી શેરના બદલામાં 1 ઈક્વિટી શેર આપશે. આ શેર દરેક રૂા.10ની દાર્શનિક કિંમતનો છે પરંતુ તે રૂા. 20ની કિંમતે આપશે



Scanned with OKEN Scanner

(2) બંને કંપનીના પ્રેફરન્સ શેર હોલ્ડરોને મિલાપ લિ. ના રૂ.100 નો એક એવા 15% રૂ.ના પ્રેફરન્સ શેર, શેરદીઠ રૂ.110ના ભાવે આપવામાં આવશે.

(3) બંને કંપનીના 13%ના ડિબેન્ચર પેટે મિલાપ લિમિટેડે એટલી સંખ્યા માં તેના 15%ના રૂ.100નો એક એવા ડિબેન્ચર આપવા કે જેથી તેમની વ્યાજની આવક જળવાઈ રહે.

(4) કાનૂની અનામતો હજુ બે વર્ષ સુધી રાખવી જરૂરી છે.

નીચેની બે પદ્દ્ધતતિઓ મુજબ સંયોજન થયુ છે તેમ માની મિલાપ લિમિટેડનું તા.1 લી એપ્રિલ 2023ના રોજનું પાકું સરવૈયું બનાવો.

(અ) સંયોજન ખરીદી સ્વરૂપનું હોય (બ) સંયોજન વિલીનીકરણ સ્વરૂપનું હોય

**પ્રશ્ન. 4 (અ) કોઈપણ એક દાખલો ગણો.** **(08)**

(1) એકલવ્ય લિમિટેડની નીચે મુજબની વિગતો પરથી લિક્વિડેટરનું આવકજાવકનું પત્રક તૈયાર કરો.

| વિગત | રૂ. |
|---|---|
| રોકડ સિલક | 78,000 |
| 6,000 પ્રેફરન્સ શેર દરેક રૂ.100ના પુરા ભરપાઈ | 6,00,000 |
| 24,000 "અ" ઈક્વિટી શેર દરેક રૂ.10ના પૂરા ભરપાઈ | 2,40,000 |
| 6,000 "બ" ઈક્વિટી શેર દરેક રૂ.10ના રૂ. 6.50 ભરપાઈ | 39,000 |
| કુલ લેણદારો (જેમાં પસંદગીના લેણદારો રૂ.7200 ) | 9,21,000 |
| લિક્વિડેટરનું મહેનતાણું રોકડ સિવાયની મિલકતોની ઉપજવેલ રકમના 10% લેખે | 78,000 |

(2) A લિમિટેડ અને B લિમિટેડનું તારીખ 1/4/2023 ના રોજ સંયોજન કરવામાં આવ્યું અને નવી કંપની AB લિમિટેડની સ્થાપના કરવામાં આવી.

તારીખ 31-03-2023 ના રોજના પાકા સરવૈયા

| વિગત | નોંધ નંબર | A લિ. | B લિ. |
|---|---|---|---|
| (I) ઈક્વિટી અને જવાબદારીઓ: | | | |
| (1) શેર હોલ્ડરોના ભંડોળો : | | | |
| (અ) શેર મૂડી રૂ.10 નો એક એવા ઈ. શેર | | 24,00,000 | 14,40,000 |
| 12% પ્રેફરન્સ શેર દરેક રૂ.10 ના | | 10,56,000 | 8,16,000 |
| (બ) અનામત અને વધારો : નફા નુકસાન ખાતુ | | 6,00,000 | 3,60,000 |
| રો.વ. અનામત | | 1,44,000 | 1,44,000 |
| (2) બિન ચાલુદેવા : લાંબા ગાળાના ઉછીના નાણાં : | | | |
| 14% ટકા ડિબેન્ચર્સ | | 2,40,000 | 1,68,000 |



Scanned with OKEN Scanner

| | | |
|---|---|---|
| (3) ચાલુદેવા : વેપારી દેવા : લેણદારો | 2,16,000 | 1,68,000 |
| દેવીહુંડી | 96,000 | 72,000 |
| | 47,52,000 | 31,68,000 |
| (II) મિલકતો : | | |
| (1) બિન ચાલુ મિલકતો : (અ) કાયમી મિલકતો | 30,36,000 | 17,28,000 |
| (બ) બિન ચાલુ રોકાણો : રોકાણો | 3,36,000 | 2,40,000 |
| (2) ચાલુ મિલકતો | 13,80,000 | 12,00,000 |
| | 47,52,000 | 31,68,000 |

વધારાની માહિતી :

(1) B લિ. ના ઈક્વિટી શેર હોલ્ડરોને રૂા. 10 નો એક એવા 1,68,000 ઈક્વિટી શેર આપવા તેમજ પ્રેફરન્સ શેર હોલ્ડરને 14%ના રૂા.100નો એક એવા 8976 પ્રેફરન્સ શેર આપવા.

(2) બંને કંપનીના ડિબેન્ચર હોલ્ડરોને 15%ના ડિબેન્ચર એવી રીતે આપવા કે જેથી તેમણે 10% પ્રીમિયમ મળે.

(3) A લિ.ના 3 ઈક્વિટી શેરના બદલામાં 2 ઈક્વિટી શેર દરેક રૂા.10ના 10% પ્રીમિયમે આપવા તેમજ પ્રેફરન્સ હોલ્ડરોને 14%ના રૂપિયા 100 નો એક એવા 16,500 પ્રેફરન્સ શેર આપવા.

A લિમિટેડ અને B લિમિટેડની પાઘડી કે મૂડી અનામતની ગણતરી કરો.

(બ) ટૂંકનોંધ લખો. (કોઈપણ બે) (06)

1) કંપનીધારો, 2013 મુજબ નાણાંકીય વર્ષ અને જાહેર કંપની
2) પસંદગીના લેણદારો
3) સંયોજનના હેતુઓ
4) સ્વેટ ઈક્વિટી શેરો બહાર પાડવાની શરતો

------------- ALL THE BEST -------------



Scanned with OKEN Scanner

# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ

આંતરિક કસોટી સપ્ટેમ્બર - 2023-24

એસ.વાય.બી.કોમ. સેમ- 3

**Accountancy and Taxation –III**

તારીખ : 22 -09-2023 સમય : 1.30 કલાક

વાર : શુક્રવાર કુલ ગુણ : 35

---

**પ્રશ્ન.2 નીચેના માંથી કોઈપણ ચારના જવાબ આપો..** **(8)**

(1) ખાતા અ બ અને ક માં રોકાયેલ મિલકતો પર 10% લેખે ત્રીજા વર્ષને અંતે ઘસારાની રકમ અનુક્રમે રૂ.8100, રૂ.16,2 00 અને રૂ.24,300 છે. ઘસારો ઘટતી જતી બાકીની પદ્ધતિએ ગણવામાં આવે છે. તો મિલકતોની કિંમત શોધો.

(2) એક રોકાણ કરે તા. 1-6-21 ના રોજ 9 ટકાની ભારત સરકારની રૂ.50,000 ની લોન 102% ના વ્યાજ સહીત ભાવે ખરીદી દલાલી સોદા કિંમત પર એક ટકા લેખે ચુકવી. વ્યાજ તારીખ 30મી સપ્ટેમ્બર અને 31 માર્ચના રોજ ચૂકવાય છે તો રોકાણોની મૂડી કિંમત શોધો.

(3) ભારતીય નાગરિક શ્રી સંદૂક વાલા એક ભારતીય વહાણ પર નોકરી કરે છે તેઓ 15-9-2022 ના રોજ તેઓ વહાણના કર્મચારી તરીકે યુકે જવા માટે રવાના થાય છે અને તારીખ 28-3-2023 ના રોજ તેઓ ભારત પાછા ફરે છે અગાઉના ત્રણ પાછલા વર્ષ દરમિયાન તેઓ બિન રહીશ હતા. પરંતુ તે પહેલા તેઓ ભારતમાં કાયમી વસવાટ કરતા હતા. આકારણી વર્ષ વર્ષ 2023-24 માટે તેમનું રહેઠાણનો દરજ્જો જણાવો.

(4) વિજયએ ધંધાનું મકાન 2007-08ના વર્ષમાં રૂ. 1,70,000 માં ખરીદ્યું હતું. તેનું 2022-23 દરમિયાન રૂ.3,32,180 માં વેચાણ કર્યું હતું. વર્ષ 2007-08 માટેનો નિયતસૂચક આંક 129 છે. આકારણી વર્ષ 2023-24 માટે લાંબા ગાળાના મૂડી નફાની રકમ નક્કી કરો.

(5) શ્રી ક્રિષ્ના પાસે તા.1-4-22 ના રોજ સરકારી જામીનગીરી હતી. જેની દાર્શનિક કિંમત રૂ.5,00,000 તથા પડતર કિંમત રૂ.4,75,000 હતી. વ્યાજ દર વર્ષે ૩૦મી જૂન અને ૩૧ મી ડિસેમ્બરના રોજ ચૂકવાય છે. 1-4-22ના રોજ ચઢેલ વ્યાજ રૂ.11,250 હતું. વ્યાજનો દર શોધો.



Scanned with OKEN Scanner

(6) રહેઠાણના મકાન સિવાયની લાંબાગાળાની મૂડી મિલકત વેચી.
લાંબાગાળાનો કુલ નફો રૂ.15,00,000
રહેઠાણના મકાનની ખરીદી રૂ.18,00,000
કરપાત્ર મૂડી નફો રૂ.8,25,000
લાંબાગાળાની મૂડી મિલકતની ચોખ્ખી ઉપજ શોધો.

(7) આડકતરા ખર્ચા એટલે શું?

(8) વ્યાજ બાદ ખરીદી એટલે શું?

**પ્રશ્ન.3** (13)

પ્રેમ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન પાસે તા. 1-4-22 ના રોજ રૂ. 11,25,000ના 12% ના બૉન્ડ હતા જેની પડતર રૂ. 10,68,750 હતી. વ્યાજ તા. 30મી જૂન અને 31મી ડિસેમ્બરના રોજ ચૂકવવામાં આવે છે. તા. 31-3-2023ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન 12%ના બોન્ડના નીચે દર્શાવ્યા મુજબના વ્યવહારો થયા હતા :

| તારીખ | દાર્શનિક કિંમત રૂ. | ભાવ | નોંધ |
|---|---|---|---|
| 1-8-2022 | 11,25,000 | 96 | વ્યાજસહિત ખરીદી |
| 1-9-2022 | 6,75,000 | 95 | વ્યાજબાદ વેચાણ |
| 1-12-2022 | 9,00,000 | 97 | વ્યાજબાદ ખરીદી |
| 1-3-2023 | 5,62,500 | 101 | વ્યાજસહિત વેચાણ |

ખરીદ વેચાણના વ્યવહારમાં બજારકિંમત પર 1% લેખે દલાલી ગણો. સ્ટૉકનું મૂલ્યાંકન સરેરાશ પડતર મુજબ કરવામાં આવે છે. પ્રેમ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશનના ચોપડામાં તા. 31-3-2023ના રોજ પૂરા થતા વર્ષનું 12%ના બોન્ડનું ખાતું તૈયાર કરો,

**અથવા**

(13)

**પ્રશ્ન.3** માયા ડિપાર્ટમેન્ટલ સ્ટોર ચલાવે છે, જેમાં બે વિભાગો છે : ટેલિવિઝન અને રેડિયો. તા. 31-3-2023ના રોજ પૂરા થતા વર્ષ માટે તેમના ચોપડેથી નીચે મુજબ કાચું સરવૈયું તૈયાર કરવામાં આવ્યું છે :



Scanned with OKEN Scanner

કાચું સરવૈયું

| વિગત | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|
| મૂડી (1-4-2022) | - | 2,50,000 |
| ઉપાડ | 50,000 | - |
| સ્ટૉક (1-4-2022) : | | |
| ટેલિવિઝન | 2,25,000 | - |
| રેડિયો | 1,05,000 | - |
| વેચાણ : | | |
| ટેલિવિઝન | - | 14,70,000 |
| રેડિયો | - | 7,30,000 |
| ખરીદી : | | |
| ટેલિવિઝન | 11,25,000 | - |
| રેડિયો | 5,75,000 | - |
| પગાર | 63,000 | - |
| જાહેરાત ખર્ચ | 44,500 | - |
| ભાડું અને કરવેરા | 15,750 | - |
| કમિશન | 53,000 | - |
| પરચૂરણ ખર્ચ | 25,500 | - |
| ફર્નિચર અને ફિક્સ્ચર્સ | 61,500 | - |
| દેવાદારો | 84,000 | - |
| 11%ની ભારત સરકારની લોન | 50,000 | - |
| પરચૂરણ લેણદારો | - | 43,500 |
| વ્યાજ | - | 2,000 |
| ઘાલખાધ અનામત | - | 4,500 |
| રોકડ સિલક | 22,750 | - |
| | 25,00,000 | 25,00,000 |

ઉપરની વિગતો ધ્યાનમાં લઈને તા. 31-3-2023ના રોજ પૂરા થતા વર્ષનું ખાતાવાર વેપાર ખાતું અને નફા-નુકસાન ખાતું તથા તે તારીખનું પાકું સરવૈયું તૈયાર કરો :



Scanned with OKEN Scanner

(૧) તા. 31-3-2023ના રોજ સ્ટૉક :

ટેલિવિઝન રૂ. 1,50,000; રેડિયો રૂ. 1,20,000.

(૨) દેવાદારોમાંથી રૂ. 6,000 ઘાલખાધ તરીકે માંડી વાળવાના છે અને ઘાલખાધ અનામત દેવાદારો પર 10% સુધી વધારવાની છે.

(૩) તા. 31-3-2023ના રોજ નીચેના ખર્ચાઓ ચૂકવવાના બાકી હતા :

જાહેરાત રૂ. 6,500; પગાર રૂ. 6,000; કમિશન રૂ. 8,500.

(૪) ફર્નિચર અને ફિક્સ્ચર્સ પર 10% ઘસારો માંડી વાળો.

(૫) મહેસૂલી વિગતો ટેલિવિઝન અને રેડિયો બંને વિભાગો વચ્ચે 2:1 ના પ્રમાણમાં ફાળવવાની છે.

**પ્રશ્ન.4. (અ)** (8)

(1) ક્રિષ્ના જે બિનરહીશ છે, તેમની આકારણી વર્ષ 2023-24 ના સંબધિત પાછલા વર્ષની આવકો નીચે મુજબ હતી :

(૧) જાપાન ડેવલપમેન્ટ બૉન્ડ્ઝનું વ્યાજ રૂ. 6,75,000

(૧/૩ રકમ બારોબાર ભારતમાં મળેલ છે અને બાકીની રકમ જાપાનમાં મેળવ્યા પછી ભારતમાં મોકલેલ છે.)

(૨) બાંગ્લાદેશમાં સ્થિત ખેતીની જમીનની આવક, જે ત્યાંથી પ્રાપ્ત કર્યા બાદ ભારતમાં મોકલી આપી હતી.રૂ.2,32,500

(૩) લંડન સ્થિત ધંધાની આવક, જે ભારત બહાર મળેલ છે.રૂ.13,75,000

(૪) જર્મનીમાં સ્થિત ધંધાની આવક જે ધંધાનું નિયંત્રણ દિલ્લીમાંથી થાય છે. (રૂ. 25,000 બારોબાર ભારતમાં પ્રાપ્ત થયેલ) રૂ.1,62,500

(૫) ભારતીય કંપનીએ થાપણ પર ચૂકવેલ વ્યાજ જે ભારત બહાર મળેલ છે. રૂ.1,00,000

(૬) સુરતમાં સ્થિત ધંધાનો નફો જે ધંધાનું સંચાલન ભારત બહારથી થાય છે. રૂ.8,17,500

તેઓની આકારણી વર્ષ 2023-24ની કુલ આવકની ગણતરી કરો. જો તેઓ સામાન 'રહીશ' કે 'સામાન્ય નહિ તેવા રહીશ' કે બિનરહીશ' હોત તો કુલ આવક કેટલી થાત ?



Scanned with OKEN Scanner

(2) શ્રી R.S.Patel ની નીચે આપેલી વિગતો પરથી પાછલા વર્ષ 2022-23 માટે તેમનો રહેઠાણ વિષયક દરજ્જો નક્કી કરો :

| ભારતમાં આવ્યા તારીખ | ભારત બહાર ગયા તારીખ |
|---|---|
| 21-5-2019 | 2-8-2019 |
| 1-1-2020 | 30-10-2022 |
| 10-12-2022 | 5-6-2023 |

અથવા

(1) હાર્દિક પાસે તા.1-4-23 ના રોજ અમુક ચોક્કસ દાર્શનિક કિંમતનાં 12%ના મોદી લી.ના ડિબેન્ચર હતા, જેની ચોપડે કિંમત દાર્શનિક કિંમત કરતા 10% વધુ હતી.વ્યાજ દર વર્ષે ૩૦મી જૂન અને ૩૧ મી ડિસેમ્બર ના રોજ ચૂકવાય છે. તા.1-4-2023 ના રોજ તેમના ચોપડે નીચે મુજબ આમનોંધ હતી. **(8)**

વ્યાજ ખાતે ......................ઉ. 20,367
તે ચઢેલા વ્યાજ ખાતે ............. 20,367

ઉપરની માહિતી પરથી મોદી લી.ના ડિબેન્ચરની દાર્શનિક કિંમત તેમજ ચોપડે કિંમત શોધો.

**(2)** શ્રી મધુસુદનની નીચે આપેલ વિગતો પરથી આકારણી વર્ષ 2023-24 માટે તેમની મૂડી- નફાના મથાળા હેઠળ કરપાત્ર આવકની ગણતરી કરો :

તેણે તા. 1-8-2022ના રોજ તેમની અંગત માલિકીના રહેઠાણનું મકાન રૂ. 37,80,490માં વેચ્યું હતું અને દલાલી ખર્ચના રૂ. 21,190 ચૂકવ્યા હતા. આ મકાન 1998-99માં રૂ. 1,50,000માં ખરીદ્યું હતું. આ મકાનની વાજબી કિંમત 1-4-2001માં રૂ. 8,00,000 હતી. આ સિવાય તેમની માલિકીનું કોઈ મકાન ન હતું. વર્ષ 2008-09માં તેમણે રૂ. 1,50,700નો વધારાના બાંધકામનો ખર્ચ કર્યો હતો. તા. 31-12-22 ના રોજ રહેઠાણના હેતુ માટે નવું મકાન રૂ. 8,50,000માં ખરીદ્યું હતું. લાંબા ગાળાના મૂડીનફાની ગણતરી માટેનો સંબંધિત સૂચક આંક નીચે પ્રમાણે છે :

નાણાંકીય વર્ષ : 2008-09 : 137; 2022-23 : 331



Scanned with OKEN Scanner

(બ) ટૂંક નોંધ લખો. (6)

(1) કલમ ૫૪ F

(2) રહીશ, સામાન્ય રહીશ, બીનરહીશ

અથવા

(1) પાછલું વર્ષ અને આકારણી વર્ષ

(2) માલ અને સેવાના ફાયદાઓ

----------ALL THE BEST----------



Scanned with OKEN Scanner

શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ
આંતરિક કસોટી સપ્ટેમ્બર – 2023-24
એસ.વાય.બી.કોમ. સેમ- 3
સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર

તારીખ : 23 -09-2023 — સમય : 1.30 કલાક
વાર : શનિવાર — કુલ ગુણ : 35

---

**પ્ર. 2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (ગમે તે ચાર)** 08

1) નાણાનો અર્થ સ્પષ્ટ કરો.
2) ફિલિપ્સ રેખા કઈ બાબતનો નિર્દેશ કરે છે.
3) પ્રો. ફિશરના નાણા પરિમાણ સિદ્ધાંતનું સુત્ર જણાવો.
4) મંદીમિશ્રિત ફુગાવો એટલે શું ?
5) શાખ નિયંત્રણના હેતુઓ જણાવો.
6) બેન્કદરનો અર્થ સ્પષ્ટ કરો ?
7) નાણાની માંગ એટલે શું ? નાણાની માંગના હેતુઓ જણાવો.
8) રેપોરેટ અને રીવર્સ રેપોરેટ એટલે શું ?

**પ્ર. 3** ભારતની મધ્યસ્થ બેન્કના ગુણાત્મક શાખ નિયંત્રણના પગલા વિગતે ચર્ચો. 13

**અથવા**

**પ્ર. 3** ફુગાવો એટલે શું ? ફુગાવાની અસરોની વિગતે ચર્ચા કરો. 13

**પ્ર. 4 (અ) ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** 08

1) બેંક દરની નીતિ
2) નાણાંના પુરવઠાને અસર કરતા પરિબળો
3) માંગજન્ય ફુગાવો અને ખર્ચ પ્રેરિત ફુગાવો
4) બેકારીનો કુદરતી દર

**પ્ર. 4 (બ) ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** 06

1) વિશ્વ બેંકના હેતુઓ
2) સટ્ટાકીય હેતુ માટેની માંગ
3) નાણાના પ્રાથમિક કર્યો
4) પ્રો.ફિશરનો નાણાંપરિમાણ સિદ્ધાંત

----------- ALL THE BEST -----------



Scanned with OKEN Scanner

શેઠ સી .ડી .બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ
આંતરિક કસોટી સપ્ટેમ્બર – 2023-24
એસ.વાય.બી.કોમ .સેમ -3
વાણિજ્ય સંચાલન-3

તારીખ : 25-09-2023 | સમય : 01.30 કલાક
વાર : સોમવાર | કુલ ગુણ : 35

---

પ્ર. - 2 : ટૂંકમાં જવાબ આપો (ગમે તે ચાર) : (8)

1. માનવસંસાધનનો અર્થ આપો.
2. E-HRM ની ફક્ત પ્રવૃત્તિઓ જણાવો.
3. ઈ-સિલેક્શનની પ્રક્રિયાના માત્ર તબક્કાઓ જણાવો.
4. માનવસંપત્તિ આયોજનને અસર કરતા બાહ્ય પરિબળો જણાવો.
5. કારકિર્દી આયોજન એટલે શું ?
6. મજુરસંઘની વ્યાખ્યા આપો.
7. ઔદ્યોગિક સંવાદિતા એટલે શું ?
8. ઔદ્યોગિક ઝઘડાના સ્વરૂપો જણાવો.

પ્ર. - 3 માનવ સંપત્તિ આયોજનની પ્રક્રિયાના તબક્કાઓની સવિસ્તાર ચર્ચા કરો. (13)

અથવા

(અ) મજુરસંઘના કાર્યો સમજાવો. (6)

(બ) ઔદ્યોગિક ઝઘડાના કારણો સમજાવો. (7)

પ્ર. - 4 (અ) ટૂંકનોંધ લખો (ગમે તે બે) : (8)

1. માનવસંસાધન સંચાલનનું મહત્વ
2. ઓનલાઈન તાલીમના ફાયદા
3. કારકિર્દી આયોજનના ઉદ્દેશો
4. હડતાલના પ્રકારો



Scanned with OKEN Scanner

(બ) કેસ સ્ટડી :

સુર્યા પ્લાસ્ટિક લિમિટેડના કામદારો અઠવાડિયે 50 કામના કલાકોને આધારે પગાર તેમજ કમિશન મેળવે છે. દૈનિક કાર્ય નક્કી કરેલા સમયમાં થઈ જતું હોવાથી કંપની ઓવરટાઈમ ચુકવતી ન હતી. જો કોઈ કામદાર વધુ સમય કામ પર રોકાય તો તેને વધારાનું કમિશન આપવામાં આવતું હતું.

મજૂર નેતા શ્રી કિશનના જણાવ્યા પ્રમાણે કામદારો રજાના દિવસે પણ કામ કરતા હતા. ઉપરાંત, તેમનું અઠવાડિક કાર્ય 50 કલાકથી વધારે થતું હતું. આથી મજૂરસંઘે કંપની પાસેથી ઓવરટાઈમ પગારની માંગણી કરી. કંપનીએ જણાવ્યું કે, " ઓવરટાઈમ પગાર આપવાની કંપનીની નીતિ નથી." કેટલાક કામદારો તેમ છતાં પણ અઠવાડિયાના 50 કલાકથી વધુ કામ કરતા રહ્યા. મજુરસંઘે ફરીથી તેમને માટે ઓવરટાઈમ પગારની માંગણી કરી. પરંતુ કંપનીએ તેનો ઇનકાર કર્યો. આખરે મજૂરસંઘે તેનો કેસ લવાદને સોંપ્ય લવાદે ઓવર ટાઈમ વેતન ચૂકવવાનો આદેશ આપ્યો.

તેમના બધા જ કામદારોની સભા બોલાવી, અને જણાવ્યું કે, " હવે પછી કોઈએ ઓવરટાઈમ કરવો નહીં. કંપની તેનો પગાર ચૂકવશે નહીં. જો કોઈ કામદાર નિયત સમયમાં કાર્ય ન કરી શકે તો તેણે તેની જાણ કંપનીને કરવી, જેથી ઘટતા પગલાં લઈ શકાય.

ઉપરની બાબતો ધ્યાનમાં રાખી નીચેના પ્રશ્નોના જવાબ આપો :

(1) મજૂરસંઘની માંગણી કેટલે અંશે યોગ્ય છે ?

(2) કંપનીના મેનેજર તરીકે તમે લવાદનો ચુકાદો સ્વીકારશો ? શા માટે ?

(3) કંપનીએ લીધેલા છેવટના નિર્ણયના સંદર્ભમાં મજૂરસંઘના નેતા તરીકે તમારો અભિપ્રાય આપો.

---------------++++++++++--------------------



Scanned with OKEN Scanner

# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ

આંતરિક કસોટી સપ્ટેમ્બર – 2023-24

એસ.વાય.બી.કોમ. સેમ-3

આંકડાશાસ્ત્ર-3

તારીખ : 26-09-2023      સમય : 01.30 કલાક

વાર : મંગળવાર      કુલ ગુણ : 35

---

PART – B

**Q – 2** નીચેના પ્રશ્નોના જવાબ આપો. (કોઈપણ ચાર) (08)

1. વ્યાખ્યા આપો : સ્તંભ શ્રેણીક અને ચોરસ શ્રેણીક
2. ગાણિતિક અપેક્ષા ના ગુણધર્મો જણાવો
3. વ્યાખ્યા આપો : જન્મદર અને મૃત્યુદર
4. માનવજીવનવિષયક આંકડા નો અર્થ સમજાવો
5. $A = \begin{bmatrix} 4 & 5 \\ 3 & 0 \\ 7 & 4 \end{bmatrix}$ અને $B = \begin{bmatrix} 5 & 6 & 7 \\ 1 & 1 & 0 \end{bmatrix}$ હોય તો AB મેળવો.
6. એક ડબ્બામાં 3 કાળા અને 2 સફેદ દડા છે તેમાંથી યદચ્છ રીતે બે દડા લેવામાં આવે છે. તો સફેદ દડાની અપેક્ષિત સંખ્યા શોધો.
7. જો પ્રચલિત સંકેતો અનુસાર $l_{16}$=73490 અને $l_{17}$ = 73120 હોય તો $q_{16}$ મેળવો.
8. એક શહેરમાં નવા જન્મેલા બાળકોની સંખ્યા 8750 છે. જો તે શહેરનો કાચો જન્મદર 25 હોય તો તે શહેરનીની કુલ વસ્તી જણાવો.

**Q – 3 (A)** વ્યસ્ત શ્રેણિક મેળવો. (07)

$$A = \begin{bmatrix} 2 & 3 & 1 \\ 0 & 5 & 6 \\ 1 & 1 & 2 \end{bmatrix}$$

**(B)** શ્રેણિકની વ્યાખ્યા આપો તથા શ્રેણિક અને નિશ્ચાયક વચ્ચેનો તફાવત જણાવો. (06)

અથવા

**Q – 3 (A)** કોઈ એક વસ્તુની માંગ અને તેની સંભાવના નીચે પ્રમાણે છે. (07)

| માંગ | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
|---|---|---|---|---|---|---|
| સંભાવના | 0.05 | 0.1 | 0.3 | 0.4 | 0.1 | 0.05 |

અપેક્ષિત માંગ અને તેનું વિચરણ મેળવો.

**(B)** જીવન વિષયક આંકડાની ઉપયોગીતા જણાવો. (06)



Scanned with OKEN Scanner

Q – 4 (A) નીચેના પ્રશ્નોના જવાબ આપો. (કોઈપણ બે) (08)

1. નીચેની માહિતી પરથી કુલ પ્રજનન દર મેળવો.

| ઉંમર | દર હજાર સ્ત્રીએ નિયત ઉંમરગાળા માટેનો પ્રજનન દર |
|---|---|
| 15-19 | 14 |
| 20-24 | 22 |
| 25-29 | 23 |
| 30-34 | 19 |
| 34-39 | 12 |
| 40-44 | 6 |
| 45-49 | 2 |

2. વ્યસ્ત શ્રેણિક મેળવો : $A = \begin{bmatrix} 5 & 1 \\ 4 & 2 \end{bmatrix}$
3. માનવજીવન વિષયકઆંકડા મેળવવાની રીતો સમજાવો.
4. બે સ્વતંત્ર ચલ x અને y માટે $E(x) = 3$, $E(y) = 2$, $v(x) = 1.2$, $v(y) = 1$ છે તો,
   1) $E(x-y)$
   2) $v(5x+2y)$ મેળવો.

Q – 4 (B) નીચેના પ્રશ્નોના જવાબ આપો. (કોઈપણ એક) (06)

1. નીચે આપેલી માહિતી પરથી 83 અને 84 વર્ષની ઉંમરની વ્યક્તિઓના અપેક્ષિત આયુષ્ય શોધો.

| x | $l_x$ | $d_x$ | $q_x$ | $L_x$ | $T_x$ | $e_x$ |
|---|---|---|---|---|---|---|
| 83 | 3550 | ? | 0.16 | ? | ? | ? |
| 84 | ? | ? | 0.17 | ? | 11975 | ? |

2. એક વ્યક્તિ 2 પાઈનેપલ, 3 કેરી અને 4 સફરજન રૂ. 43 માં ખરીદે છે. બીજી વ્યક્તિ 1 પાઈનેપલ, 4 કેરી અને 2 સફરજન રૂ. 34 મા ખરીદે છે જ્યારે ત્રીજી વ્યક્તિ 5 પાઈનેપલ, 2 કેરી અને 3 સફરજન રૂ. 66 માં ખરીદે છે તો દરેક ફળની કિંમત મેળવો. (વ્યસ્ત શ્રેણીક નો ઉપયોગ કરો.)
3. નીચેની માહિતી ઉપરથી બે શહેરોની આરોગ્યની સરખામણી કરો.

| | શહેર A | | શહેર B | |
|---|---|---|---|---|
| ઉંમર | વસ્તી | મૃત્યુ સંખ્યા | વસ્તી | મૃત્યુ સંખ્યા |
| 0-5 | 5000 | 150 | 2000 | 50 |
| 5-15 | 8000 | 120 | 3000 | 36 |
| 15-50 | 12000 | 120 | 4000 | 40 |
| 50 થી વધુ | 3000 | 75 | 3000 | 84 |



Scanned with OKEN Scanner

# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ

આંતરિક કસોટી સપ્ટેમ્બર – 2023-24

એસ.વાય.બી.કોમ. સેમ- 3

બેન્કિંગ-૧ (કાનુન અને વ્યવહાર)

તારીખ : 26-09-2023 — સમય : 1.30 કલાક

વાર : મંગળવાર — કુલ ગુણ : 35

## PART-B

પ્રશ્ન ૨ : નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. (કોઈ પણ ચાર) (૦૮)

(૧) બેન્કરનો ગ્રાહક કોને કહેવાય?

(૨) ટાંચનો હુકમ એટલે શું?

(૩) 'ખાતું બંધ કરવું' અને 'ખાતું સ્થગિત કરવું' વચ્ચેનો પાયાનો તફાવત જણાવો.

(૪) વિચ્છેદિત ચેક એટલે શું?

(૫) ધંધાકીય નીતિમત્તાનો અર્થ સમજાવો.

(૬) બેન્કિંગ નિયમન ધારો-૧૯૪૯ના હેતુઓ જણાવો.

(૭) બેન્કિગ લોકપાલને ફરિયાદ કરતી વખતે ફરિયાદમાં ક્યા પ્રકારની વિગતો હોવી જોઈએ.

(૮) BC/BF મોડેલનું પૂરું નામ જણાવો.

પ્રશ્ન ૩ : બેન્કર-ગ્રાહક સંબંધના વિશિષ્ઠ લક્ષણો સમજાવો. (૧૩)

અથવા

બેન્કિંગ લોકપાલ યોજનાના ઉદ્દેશો જણાવી તેની સત્તા અને ફરજો સમજાવો.

પ્રશ્ન ૪ : (અ) ટૂંક નોંધ લખો. (ગમે તે બે) (૦૮)

(૧) RTGS

(૨) બેન્કોના સંદર્ભમાં નીતિમત્તાના ફાયદા

(૩) બેન્કોએ રીઝર્વ બેંકને મોકલવાના પત્રકો

(૪) BC/BF મોડેલની જરૂરિયાતો

(બ) ટૂંક નોંધ લખો. (ગમે તે બે) (૦૬)

(૧) અનિચ્છનીય ગ્રાહક

(૨) ATMના ગેરફાયદા

(૩) બેંકોની લાયસન્સ અંગેની જોગવાઈઓ

(૪) બેન્કિંગ ક્ષેત્રે નીતિમત્તાના પાયા

ALL THE BEST



Scanned with OKEN Scanner

SHETH C D BARFIWALA COLLEGE OF COMMERCE
INTERNAL EXAMINATION
S.Y.B.COM. SEM 3
Sub. English: Language Through Literature

Date: 27-09-2023

Time: 2 hours | Marks: 50

Instructions:

1 Answers to Question number One to be written in Answer book only. Copy question and write down the correct answer.

2 Figures to the right indicate full marks to the question.

3 Indicate clearly the options you attempt.

4 Begin a new question from a new page.

Q1 Select the correct options: (10)

1. In the woods squirrels hide their nuts in?

   A) grass B) woods C) boughs D) none

2. Who is the poet of 'Leisure'?

   A) William Wordsworth B) W.H. Davies C) Robert Brown D) None

3. The machines ask for?

   A) water B) coal C) oil D) all of the above

4. Which machine does the poet refer to in the line, 'Would you call a friend from half across the world'?

   A) television B) aeroplane C) telephone D) train

5. What do the machines bring from the cisterns?

   A) water B) snow C) oil D) none

6. Mauretania, the monstrous nine decked city, is actually a _______ .

   A) city B) sea C) ship D) train

7. In the poem 'Very Indian Poem in Indian English' the poet expects people to follow the teachings of?

   A) Indira Gandhi B) Mahatma Gandhi C) himself D) none

8. According to the poet what is the substitute of wine?

   A) soda B) lassi C) milk D) None of the above

9. Whose company does the poet enjoy?

   A) The readers B) his own C) Maharashtrians D) none

10. The poet claims that new generation prefers __ ?

   A) fashion B) wisdom C) peace D) none



Scanned with OKEN Scanner

Q2. Analyse Radhakrishnan's 'Humanities vs Sciences' in your own words (12)

OR

Q2. Summarize Ruskin Bond's humorous story 'The Boy who Broke the Bank'.

Q3. A) Convert the story 'The Boy Who Broke the Bank' into a play. (08)

OR

Write a letter to the magistrate complaining about the poor condition of the city library

OR

Write a letter to your friend about the problem of female infanticide in some villages of India. Discuss the reasons for this problem and some possible solutions.

B) Create a resume and a cover letter for a job at a multinational company, for a position in Marketing and communications.

OR

Create a resume and a cover letter for your dream job

Q4. (A) Do as directed (any 10) (10)

(1) Add suitable prefix to the word: logical.

(2) Add suitable suffix to the word: frequent.

(3) Create two compound words using the word: time

(4) Create two compound words using the word: life

(5) Blood is thicker than water. (identify and underline the metonymy)

(6) A polyglot speaks many tongues. (identify and underline the metonymy)

(B)

(7) Give the adjective form of the noun: peace

(8) Give the verb form of the noun: difference

(9) Give the adverb form of the adjective: beautiful

(10) Human beings are comforted by the beauty of nature. (convert into active voice)

(11) Leisure helps man to relax. (convert into passive voice)

(12) Nature has to be respected by man. (convert into active voice)

---------- **ALL THE BEST**----------



Scanned with OKEN Scanner

# શેઠ સી. ડી .બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

## આંતરિક કસોટી ૨૦૨૩-૨૪

## એસ.વાય.બી.કોમ સેમેસ્ટર-૩

## ગુજરાતી- પ્રત્યાયન કૌશલ્ય

તારીખ : ૨૭/૦૯/૨૦૨૩ | સમય : ૮:૧૫ થી ૧૦:૧૫

વાર : બુધવાર | કુલ ગુણ : ૫૦

---

પ્રશ્નઃ ૧ : નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (કોઈપણ પાંચ) (૧૦)

૧) કંપની સેક્રેટરી કોની કોની સાથે પત્ર વ્યવહાર કરે છે?

૨) કંપની સેક્રેટરી માટેની બે લાયકાત જણાવો.

૩) બેંકના મુખ્ય ખાતાના નામ જણાવો

૪) ક્રેડિટ કાર્ડ ના ફાયદા ગેરફાયદા જણાવો.

૫) બેંક ડ્રાફ્ટ કોને કહેવામાં આવે છે?

૬) વ્યાપારી બેંકના કાર્યો જણાવો.

૭) સંવાદ એટલે શું?

૮) સંવાદ લેખન કરતી વખતે ધ્યાનમાં લેવાની બાબતો કઈ કઈ છે?

પ્રશ્ન ૨ : કંપનીની આગામી બોર્ડ ઓફ ડિરેક્ટર ની સભામાં ડિવિડન્ડ અને બોનસ અંગેના પ્રશ્નો ચર્ચાવાના હોઈ, સભામાં અવશ્ય હાજર રહેવા વિનંતી કરતો પત્ર સેક્રેટરી તરફથી ડિરેક્ટર શ્રી ને લખો. (૧૩)

અથવા

પ્રશ્ન ૨ : સરકારી નોકરિયાત તરીકે તમારી બદલી વડોદરા થી અમદાવાદ થઈ છે તમારી બેંકને તમારું ખાતું વડોદરા બેંકની શાખામાંથી અમદાવાદની શાખામાં ફેરબદલી કરવા માટે પત્ર લખો.

પ્રશ્ન ૩ : ઉત્સવોની ઉજવણી વિશે બે મિત્રો વચ્ચેનો સંવાદ રજૂ કરો. (૧૩)

અથવા

પ્રશ્ન ૩ : સ્વચ્છતા અભિયાનની સમાજ જીવન પર પડતી અસર અંગે ત્રણ મિત્રો વચ્ચેનો સંવાદ તૈયાર કરો.

પ્રશ્ન ૪ : કંપની ભાવિ વિકાસ અને જાહેર થનાર ડિવિડન્ડ અંગેની પૂછપરછ કરતા શેર હોલ્ડરને સેક્રેટરી તરફથી પત્ર લખો. (૧૪)

અથવા

પ્રશ્ન ૪ : સુરતના એક વેપારી પેઢીને ધંધા માટે લોનની જરૂર છે તે અંગે યોગ્ય પૂછપરછ કરતો પત્ર બેંકને લખો.

--------- ALL THE BEST ---------



Scanned with OKEN Scanner

# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

આંતરિક કસોટી - ૨૦૨૩-૨૪

એસ.વાય.બી.કૉમ - ૩

## માર્કેટિંગ - ૩

પ્રશ્ન : ૨. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (ગમે તે ચાર) (૮)

૧. બજારકિયા સંચાલનની વ્યાખ્યા આપો.
૨. પેદાશ એટલે શું ?
૩. પ્રાયોગિક માર્કેટિંગ ઝુંબેશના પ્રકારો જણાવો.
૪. સામાજિક બજારકિયાનો ખ્યાલ સમજાવો.
૫. પેદાશ નાબૂદી એટલે શું ?
૬. વાતચીત માર્કેટિંગના ફાયદાઓ.
૭. લેબલિંગના પ્રકારો જણાવો.
૮. સ્થળ માર્કેટિંગનો અર્થ સમજાવો.

પશ્ન : ૩. પેદાશ મિશ્રને અસરકરતાં પરિબળોની વિગતે ચર્ચા કરો. (૧૩)

અથવા

પ્રશ્ન : ૩. ડિજીટલ માર્કેટિંગ એટલે શું ? તેના ફાયદા તેમજ મર્યાદા સમજાવો. (૧૩)

પ્રશ્ન : ૪. ટૂંકનોંધ લખો. (ગમે તે બે) (૮)

૧. ધંધાકીય વ્યૂહરચનાને અસરકરતાં પરિબળો.
૨. પેદાશ (ઉત્પાદન) જીવનચક્ર
૩. સંબધિત બજારકિયા.
૪. પેદાશ નાબૂદીના કારણો.

Scanned with OKEN Scanner

પ્રશ્ન : ૫. કેસ સ્ટડી. (૬)

વિશાલ ટ્રેડર્સ ઈ-કોમર્સ, એક મધ્યમ કદના ઓનલાઈન રિટેલર, તેના ડિજિટલ માર્કેટિંગ પ્રયાસોમાં પડકારોનો અનુભવ કરી રહ્યું છે. કંપનીએ પાછલા વર્ષમાં વેબસાઇટ ટ્રાફિકમાં સતત ઘટાડો અને રૂપાંતરણ દરમાં ઘટાડો જોયો છે. આ કેસ સ્ટડી વિશાલ ટ્રેડર્સ ઈ-કોમર્સ દ્વારા સામનો કરવામાં આવતી સમસ્યાઓની શોધ કરે છે અને તેમની ડિજિટલ માર્કેટિંગ સમસ્યાઓને ઉકેલવા માટે ઉકેલો પ્રદાન કરે છે.

પ્રશ્નો :

૧. વિશાલ ટ્રેડર્સ ઈ-કોમર્સમાં ડિજિટલ માર્કેટિંગ પ્રયાસોમાં પ્રાથમિક પડકારો કયા છે ?

૨. વેબસાઇટ ટ્રાફિક અને રૂપાંતરણ દરમાં ઘટાડા પાછળના સંભવિત કારણો કયા કયા છે ?

૩. કંપની આ મુદ્દાઓને કેવી રીતે સંબોધિત કરી શકે અને તેના ડિજિટલ માર્કેટિંગ પ્રદર્શનમાં સુધારો કરી શકે?

૪. ડીજીટલ માર્કેટીંગની સફળતા જાળવવા માટે કંપની કઈ લાંબા ગાળાની વ્યૂહરચના અપનાવી શકે છે?

Scanned with OKEN Scanner